**કલમ ૪(૧)બી(૧) : ૫૦ બેડ હોસ્પિટલોની વ્યવસ્થાતંત્ર કાર્યો ફરજોની વિગત :**

સુરત મહાનગરપાલિકા સંચાલિત ૫૦ બેડ હોસ્પિટલો ખાતે વિવિધ તબીબી સેવાઓ જેવી કે, તબીબી તપાસ, દવા, વિગેરે સામાન્ય દરે ઉપલબ્ધ છે. અંદાજે હોસ્પિટલ દીઠ ૫૦ પથારી ધરાવતી અર્બન કોમ્યુનીટી હેલ્થ સેન્ટર અને હોસ્પિટલોમાં રોજ સવારે ૦૯.૦૦ થી ૧:૦૦ તેમજ ૨.૦૦ થી ૫.૦૦ દરમ્યાન વિના મુલ્યે તબીબી તપાસ ઉપલબ્ધ છે. જુદા જુદા તજજ્ઞો ધ્વારા ૫૦ બેડ હોસ્પિટલો ખાતે દર્દીઓને જોઈ નિદાન પ્રમાણે સારવાર આપવામાં આવે છે. હોસ્પિટલો ખાતે ઉપલબ્ધ સારવાર દવાઓ નજીવા દરે (૦૧ દિવસ ની દવાના રૂા.૧૦.૦૦ લેખે) જરૂરતમંદ દર્દીને આપવામાં આવે છે. હોસ્પિટલો ખાતે દાખલ કરવાપાત્ર દર્દીઓને દાખલ કરવામાં આવે છે. આ માટે હોસ્પિટલમાં એક મેઈલ વોર્ડ અને એમ ફીમેલ વોર્ડની સુવિધા છે. વહીવટી અહેવાલ (૧૮) મુજબ હોસ્પિટલો ખાતે મેડીસીન, સર્જરી, ફીઝીયોથેરાપી, દાંતની સારવાર અને ગાયનેક વિભાગ અને એક્ષ–રે પાડવાની કામગીરી તેમજ લોહી–પેશાબ વિગેરે તપાસણી અંગે લેબોરેટરી ઉપલબ્ધ છે. જેમાં નજીવા દરે જરૂરતમંદ દર્દીઓને લાભ આપવામાં આવે છે. વોર્ડમાં દાખલ ગરીબ દર્દીઓને સક્ષમ સત્તાધીશની ભલામણથી મહાનગરપાલિકાના મંજુર થયેલ નીતિનિયમો પ્રમાણે સારવારો મફત ઉપલબ્ધ કરવામાં આવે છે.

ઉપરોકત કામગીરી અંગે યોગ્ય વ્યવસ્થાતંત્ર ગોઠવવામાં આવે છે. જેમાં ૫૦ બેડ હોસ્પિટલો ખાતે સીની. સ્થાનિક વૈ. અમલદારશ્રીના માર્ગદર્શન અને નિયંત્રણ હેઠળ માનદ તબીબો, જુની. મેડીકલ ઓફિસરો, નર્સો, કલાર્ક કમ કમ્પા. આસી., લેબોરેટરી ટેકનીશયનો, ડાયાલીસીસ ટેકનીશયનો, એક્ષ–રે ટેકનીશયનો, એસ.એસ.આઈ., મુકાદમ, આયા, વોર્ડબોય, સફાઈ કામદારો હોસ્પિટલને લાગત સેવાઓ બજાવે છે. આ અંગે ૫૦ બેડ હોસ્પિટલ દીઠ લગભગ મેડીકલ, પેરામેડીકલ તથા કલેરીકલ સ્ટાફ મળી નીચે કોષ્ટકમાં જણાવ્યા મુજબનો કર્મચારીઓનો સ્ટાફ ૫૦ બેડ હોસ્પિટલો ખાતે ફરજ બજાવે છે.

| અનું. નં. | હોસ્પિટલનું નામ | કર્મચારીઓની કુલ સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલ શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર અને હોસ્પિટલ | ૧૦૮ |
| ૨ | બમરોલી શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર અને હોસ્પિટલ | ૯૮ |
| ૩ | ભાઠેના શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર અને હોસ્પિટલ | ૯૧ |
| ૪ | કતારગામ શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર અને હોસ્પિટલ | ૧૨૦ |